રજૂ તારીખ : ૧૧/૦૨/૨૦૨૦
દાખલ તારીખ: ૧૧/૦૨/૨૦૨૦
ફેસલ તારીખ: ૧૭/૦૨/૨૦૨૦
સમયમર્યાદા : વર્ષ માસ દિવસ
૦૦ ૦૦ ૦૬

અમરેલીના મહે. વર્કમેન કોમ્પેનસેન્શન કમિશનર અને લેબરજજ સાહેબની અદાલતમાં
મુ. અમરેલી.

વ.કો. પ. અ. નં.૪/૨૦૨૦
આંકઃ ૪

અરજદાર :– હનુભાઈ ઘેલાભાઈ સાંથલીયા ઉ.વ.૫૧
રહે. મફત પ્લોટ, બાબરા–ગોડલ હાઈવે રોડ,
મુ. રાંધલના દડવા, તા. કુકાવાવ,
જી.અમરેલી.

વિરૂધ્ધ

સામાવાળા :– (૧) તીર્થકોટન જીનીગ ફેકટરી
રઘુભાઈ સેલડીયા (પટેલ) ઉ.વ.૫૫,
રહે. ફુલઝરના ફાટક પાસે,
મુ. રાંધલના દડવા, તા. કુકાવાવ, જી.અમરેલી.
(૨) યુનાઈટેડ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ કાં.લી.
પ્રથમ માળ, ગુહલક્ષ્મી માર્કેટ, હવેલી સામે,
કાશ્મીરા ચોક, મુ. અમરેલી.

અરજદાર તરફે : વિદ્વાન વકીલ શ્રી એ.એમ.પટેલ
સામાવાળા નં.૧ અને ૨ તરફે : કોઈ નહી.

:: હુ ક મ ::

(૧) આ કામના અરજદારની અરજીની હકીકત એવી છે કે, આ કામના અરજદાર હનુભાઈ ઘેલાભાઈ સાંથલીયાનાઓએ તેમના વળતરની રકમ અત્રેની કોર્ટમાં સામાવાળા તરફથી ઈન્સ્યોરન્સ કંપનીએ જમા કરાવતા તે કામે અત્રેની કોર્ટ તરફથી પરચુરણ અરજ નં.૧૪/૨૦૧૯ ના કામે હુકમ કરી અરજદારના નામે બાંધી મુદતે ફીકસ ડીપોઝીટ તરીકે રૂા.૧,૮૦,૦૦૦/– સેન્ટ્રલ બેંક અમરેલી શાખામાં ફીકસ ડીપોઝીટ રસીદ ૫૭૬૩૨૬ થી તા.૧૧/૧૦/૨૦૧૯ ના રોજ પાંચ વર્ષની મુદત માટે મુકવામાં આવેલ છે. વધુમાં આ કામના અરજદારના પુત્ર નામે રણછોડભાઈના તા.૨૮/૨/૨૦૦૦ ના રોજ લગ્ન નકકી કરેલ હોય અને તેમાં સામાજિક રીત રીવાજ પ્રમાણે જ્ઞાતિનો જમણવાર અને જરૂરી કપડા લતા તથા લગ્નના ખર્ચ માટે હાલમાં અરજદારને નાણાની જરૂર હોય

અને તેના કામે હાલના અરજદારે જે ફીકસ ડીપોઝીટમાં તેઓની રકમ જમા હોય તે રકમ રૂા.૧,૮૦,૦૦૦/– છુટા કરી સદર રકમ તેઓને આપવા માટે હાલની અરજ કરેલ છે.

(૨) આ કામે અરજદાર તરફથી નિ. ૩/૧ થી રેશનીંગ કાર્ડની ઝેરોક્ષ નકલ, તેઓના ચુંટણી કાર્ડની ઝેરોક્ષ નકલ, તેઓના પુત્ર રણછોડભાઈના લગ્નની અસલ કંકોત્રી, અરજદારની ફીકસ ડીપોઝીટની રસીદની ઝેરોક્ષ નકલ તથા અરજદારના પુત્ર રણછોડભાઈના આધારકાર્ડની ઝેરોક્ષ નકલ રજુ રાખેલ છે.

(૩) આ કામે અરજદાર તરફે તેઓના વિ. વ.શ્રી એ.એમ.પટેલનાઓએ રજુઆત કરતા જણાવેલ છે કે હાલના અરજદાર ગરીબ વર્ગના માણસ છે તથા તેઓની વળતરની રકમ ફીકસ ડીપોઝીટમાં રાખવામા આવેલ છે તથા હાલમા તેઓના પુત્ર નામે રણછોડભાઈના લગ્ન હોય અને તે લગ્નના કામે તેઓને નાણાની જરૂર હોય જેથી તેઓની અત્રેની કોર્ટ તરફથી જે ફીકસ ડીપોઝીટ રાખવામા આવેલ છે તે ફીકસ ડીપોઝીટની રકમ છુટી કરીને તેઓને આપવા વિનંતિ કરેલ છે.

(૪) આ કામે અરજદારની અરજી તથા તેઓ તરફે રજુ રાખેલ દસ્તાવેજી પુરાવા વંચાણે લેતા હાલના અરજદારની ફીકસ ડીપોઝીટની રકમ રૂા.૧,૮૦,૦૦૦/– પાંચ વર્ષની મુદત માટે સેન્ટ્રલ બેંક ,અમરેલી ખાતે રાખવામાં આવેલ છે જે ફીકસ ડીપોઝીટની રસીદ નિ.૩/૪ થી રજુ છે. વધુમાં આ કામે અરજદાર તરફથી તેઓના દિકરા નામે રણછોડભાઈના લગ્નની અસલ કંકોત્રી નિ.૩/૩ થી રજુ રાખેલ છે જે વંચાણે લેતા તેમાં અરજદારના દિકરા રણછોડભાઈના લગ્ન તા.૨૮/૨/૨૦૨૦ ના રોજ રાખવામા આવેલ છે તેવુ જણાઈ આવે છે તથા વધુમાં આ કામે અરજદારના દિકરા રણછોડભાઈના આધારકાર્ડની નકલ નિ.૩/૫ થી રજુ રાખેલ છે જેમાં અરજદારના દિકરા રણછોડભાઈની જન્મ તારીખ ૧/૧/૧૯૯૪ દર્શાવેલ છે જેથી હાલના અરજદારના દિકરા રણછોડભાઈની ઉમર ૨૬ વર્ષ ની હોય અને પુખ્ત વયના હોય તેવુ જણાઈ આવે છે. આ સંજોગોમાં હાલના અરજદારની અરજીમા જણાવેલ રજુઆત તથા તેઓ તરફથી રજુ રાખેલ દસ્તાવેજી પુરાવા વંચાણે લેતા આ કામના અરજદારની વળતરની રકમ અત્રેની કોર્ટ તરફથી જે ફીકસ ડીપોઝીટમાં મુકવામા આવેલ છે તે ફીકસ ડીપોઝીટની બધી રકમ જો અરજદારને આપી દેવામા આવે તો અરજદારની ભવિષ્યની તેની રકમ વેડફાઈ જાય આથી હાલના અરજદારને તેઓની જે ફીકસ ડીપોઝીટની રકમ અત્રેની કોર્ટ તરફથી રાખવામા આવેલ છે તેમાંથી રૂા.૮૦,૦૦૦/– અરજદારને આપવામા આવે તો ન્યાયનો હેતુ જળવાય તેમ હોય આ સંજોગોમાં સદર કામે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: આ ખરી હુ ક મ ::**

**(૧) અરજદારની હાલની અરજી અંશતઃ મંજુર કરવામાં આવે છે.**

**(૨) આ કામે અરજદારની સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડીયા, અમરેલી ખાતે અરજદારના નામે જમા રહેલ ફીકસ્ડ ડીપોઝીટની રસીદ નં.૫૭૬૩૨૬ રૂા.૧,૮૦,૦૦૦/– માંથી અરજદારને રૂા.૮૦,૦૦૦/– (અંકે રૂપિયા એશી હજાર પુરા) તથા સદર એફ.ડી. ઉપર જમા થયેલ તમામ વ્યાજની રકમ સહિત સબંધીત બેંકે અરજદારની ઓળખની ખરાઈ મેળવી એકાઉન્ટ પે થી ચુકવી આપવા અને બાકી રહેતી રકમ રૂા.૧,૦૦,૦૦૦/– ( અંકે રૂપિયા એક લાખ પુરા) અગાઉ થયેલ હુકમ અને શરતોને આધીન બાકી રહેતા સમયગાળા માટે ફીકસ્ડ ડીપોઝીટમાં જમા રાખવા અંગેનો હુકમ કરવામાં આવે છે.**

જરૂરી બેંક યાદી કરવી.

હુકમ આજ રોજ તા. ૧૭/૦૨/૨૦૨૦ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સહી કરી જાહેર કર્યો.

અમરેલી

તા.૧૭ / ૦૨ /૨૦૨૦

(ફીરોઝખાન બીસ્માલાખાન પઠાણ)
ન્યાયાધીશ
મજુર અદાલત, અમરેલી.
જજ કોડ નં.જીજે૦૦૬૩૨.